ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના નિયામક મંડળના સભ્યોનું રાજય બહાર બજા રાજયોમાં સફાઇ કામદાર સમુદાયના લોકોના કલ્યાણકારી યોજનાના અભ્યાસ કાર્યક્રમોના પ્રવાસ કાર્યક્રમને મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW - ૧૦૧૬ -૭૮૨૬૨ -ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧-૪-૨૦૧૬.

વંચાણે લીધાઃ

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નો તા.૨૧-૧૨-૨૦૧૫ નો પત્ર.

ઠ રા વઃ-

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના નિયામક મંડળના સભ્યોનું રાજય બહાર બીજા રાજયોમાં સફાઇ કામદાર સમુદાયના લોકોના કલ્યાણકારી યોજનાના અભ્યાસ કાર્યક્રમોના પ્રવાસ કાર્યક્રમને મંજુરી આપવા વંચાણે લીધા ક્રમ-૧ થી મંજુર કરવા અંગેની દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

બોર્ડ / કોર્પોરેશનના બોર્ડ ઓફ ડાયરેકટર્સના રાજય બહારના પ્રવાસ અંગે કોઇ નીતિ અમલમાં નથી. નાણા વિભાગના તા.૧૪-૮-૨૦૧૪ ના ઠરાવથી સરકારી કર્મચારી / બોર્ડ કોર્પોરેશનના કર્મચારીઓને રાજય બહારના તાલીમ / પરિસંવાદ / અભ્યાસ પ્રવાસ / પરિષદોમાં ભાગ લેવાની નીતિ નિયત થયેલ છે.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજય બહારના પ્રવાસ માટે નાણાં વિભાગના તા.૧૪-૮-૨૦૧૪ના ઠરાવની શરતોને આધિન નીચે મુજબના ધોરણે આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) સબંધિત બોર્ડ / કોર્પોરેશને આ અંગે તેમના નિયામક મંડળની બેઠકમાં ઠરાવ કરી રાજય બહારના પ્રવાસનો હેતુ અને જસ્ટીફીકેશન સહ સબંધિત વહીવટી વિભાગ મારફતે નાણા વિભાગને મંજુરી અર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

(૨) નિયામક મંડળના સભ્યોનો વર્ષમાં એકજ રાજયની મુલાકાત અંગે પ્રવાસને મંજુરી આપવાની રહેશે.

(૩) પ્રવાસ પૂરો થયા બાદ એક માસમાં તે અંગેનો વિગતવાર અહેવાલ સબંધિત વહીવટી વિભાગને રજૂ કરવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ નિગમના સ્વભંડોળમાંથી અથવા નિગમને ફાળવેલ વહીવટી ખર્ચની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. આ અંગે અલગથી ગ્રાન્ટની માંગણી કરવાની રહેશે. નહિ.

સફાઇ કામદાર વિકાસ નિગમને તેમના પસંદગીના એક રાજયમાં પ્રવાસ કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીના તા.૩૧-૩-૨૦૧૬ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિક્ષિત જોષી )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સર્વણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા) અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી(કો.સે.) સા.ન્યા.અને અ.વિ. વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ